(114) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 અનુસાર બિનસરકારી માધ્યમિક શાળામાં કામ કરતા પટ્ટાવાળાને બઢતીની તક મળે તે માટે કઈ જોગવાઈ થયેલ છે ?

(A) પટ્ટાવાળા તરીકે સળંગ પાંચ વર્ષ નોકરી કરી હોય તેવા વ્યક્તિને જુનિયર કારકૂન તરીકે બઢતી આપી શકાય.
(B) પટ્ટાવાળા તરીકે સળંગ ચાર વર્ષ નોકરી કરી હોય તેવા વ્યક્તિને જુનિયર કારકૂન તરીકે બઢતી આપી શકાય.
(C) પટ્ટાવાળા તરીકે સળંગ ત્રણ વર્ષ નોકરી કરી હોય તેવા વ્યક્તિને જુનિયર કારકૂન તરીકે બઢતી આપી શકાય.
(D) વિનિયમોમાં પટ્ટાવાળાને બઢતી આપવાની કોઈ જોગવાઈ નથી.

(115) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો – 1974 અંતર્ગત ચેપી રોગથી પીડાતા કોઈ વિદ્યાર્થીને શાળામાં હાજરી આપવાની છૂટ ક્યારે આપી શકાય ?

(A) તબીબનું રોગમુક્ત પ્રમાણપત્ર રજૂ કર્યાથી

(B) શાળાના આચાર્યની મંજૂરી મેળવ્યા બાદ

(C) જિલ્લા શિક્ષણઅધિકારીની મંજૂરી મેળવ્યા બાદ

(D) નિયામકશ્રી શાળાઓની કચેરીની મંજૂરી મેળવ્યા બાદ

(116) બીજા દેશમાંથી આવતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપતા પહેલાં નોંધાયેલી શાળાના વડાએ કયા પ્રમાણપત્રની ચકાસણી કરવી જોઈએ ?

(A) બોર્ડના અધ્યક્ષની સહીવાળુ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર

(B) જે તે દેશના શિક્ષણસત્તાધિકારીઓએ સામી સહી કરેલું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર

(C) સ્થાનિક જિલ્લા શિક્ષણાધિકારીની સહીવાળુ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર

(D) કોઈ પ્રમાણપત્રની ચકાસણી કરવી જરૂરી નથી.

(117) નોંધાયેલી શાળાના કર્મચારી પર આજ્ઞાભંગ, ફરજ પ્રત્યેની બેદરકારી કે નૈતિક અધ:પતન જેવી ગેરવર્તણૂકના આક્ષેપ હોય તો તની સામે તપાસ સમિતિની રચના થયેથી સબંધિત કર્મચારીની વિરૂદ્ધમાં કેટલા દિવસમાં આક્ષેપનામું તૈયાર કરવું જોઈએ ?

(A) સાત
(B) દસ
(C) પંદર
(D) એકવીસ

(118) નોંધાયેલી એક માધ્યમિક શાળા એક શિક્ષકને અઠવાડિયાના 45 મિનિટના 9 તાસ, 35 મિનિટના 15 તાસ, 30 મિનિટના 9 તાસ ફાળવે છે, તો શિક્ષકનો કાર્યભાર પૂરો કરવા આચાર્યએ શું કરવું જોઈએ.

(A) કાર્યભાર પૂરો કરવા એક 45 મિનિટ અને એક 35 મિનિટનો તાસ ફાળવવા જોઈએ.

(B) કાર્યભાર પૂરો કરવા 45 મિનિટના બે તાસ ફાળવવા જોઇએ.

(C) કાર્યભાર પૂરો કરવા 30 મિનિટના બે તાસ ફાળવવા જોઇએ.

(D) કાર્યભાર પૂરો કરવા 30 મિનિટના ચાર તાસ ફાળવવા જોઇએ.

(119) કયા વિનિયમની જોગવાઈ મુજબ નોંધાયેલી શાળાના ઉપરી અથવા બીજા ઉપરી કંઈ પણ ખાનગી ટ્યૂશન આપી શકશે નહીં.

(A) વિનિયમ - 29
(B) વિનિયમ - 17
(C) વિનિયમ - 32
(D) વિનિયમ - 35

(120) ગ્રાન્ટ-ઈન-એઈડ-કોડ - 1964ના નિયમ 21 માં કઈ બાબતની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) સામાન્ય રજિસ્ટ્રરમાં નોંધ
(B) વિદ્યાર્થીને ઉચ્ચ ધોરણમાં પ્રવેશ
(C) પ્રવેશ માટે સમય મર્યાદા
(D) પ્રવેશની શરત તરીકે ફંડમાં ફાળો

(121) ગ્રાન્ટ-ઈન-એઈડ-કોડ - 1964ના નિયમ - 95ની જોગવાઈ મુજબ શાળાએ નિયમોની જોગવાઈનું યોગ્ય રીતે પાલન કર્યું ન હોય તો જિલ્લા શિક્ષણ અધિકારી કેટલા ટકા જેટલી ગ્રાન્ટ કાપ કરી શકે ?

(A) 5 %
(B) 10 %
(C) 25 %
(D) 50 %

(122) નોંધાયેલી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં મકાનભાડું અને ઈત્તર ખર્ચના વિકલ્પ રૂપે પ્રતિ માસ ધોરણ - 10 માં કેટલા રૂપિયા ફી લેવામાં આવે છે ?

(A) 40 રૂપિયા (B) 45 રૂપિયા

(C) 70 રૂપિયા (D) 80 રૂપિયા

(123) ગ્રાન્ટ-ઈન-એઈડ-કોડ - 1964 મુજબ નોંધાયેલી શાળાના કર્મચારીની રજાનો હિસાબ ………… મુજબના નિયત નમૂનામાં રાખવો જોઈએ.

(A) પરિશિષ્ટ - 12 (B) પરિશિષ્ટ - 14

(C) પરિશિષ્ટ - 16 (D) પરિશિષ્ટ - 17

(124) ગ્રાન્ટ-ઈન-એઈડ-કોડ - 1964ના નિયમ - 29 મુજબ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર કેટલા દિવસમાં કાઢી આપવાની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) તાત્કાલિક (B) અરજી મળ્યા બાદ એક દિવસમાં

(C) અરજી મળ્યાના પાંચ દિવસમાં (D) અરજી મળ્યાના સાત દિવસમાં

(125) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોમાંથી કેટલા સભ્યો બોર્ડના સભ્યો તરીકે ચૂંટાય છે ?

(A) 01 (B) 02

(C) 03 (D) 05

(126) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ - 1972 ની કલમ 40 (1) મુજબ ટ્રિબ્યુનલની સત્તા અન્વયે નીચેના પૈકી કયુ વિધાન સાચું છે ?

(A) પક્ષકારો ઇચ્છે તો તે સત્તા દિવાની કોર્ટ ભોગવશે.

(B) પક્ષકારોના વકીલ ઇચ્છે તો દિવાની કોર્ટમાં અપીલ થઈ શકશે.

(C) જિલ્લા કક્ષાની કોઈ અદાલતમાં આવી સુનવણીકરી શકશે.

(D) ટ્રિબ્યુનલની સત્તા દિવાની કોર્ટ ભોગવી શકે નહિ.

(127) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ - 1972ની કલમ 33 (1) ની જોગવાઈ મુજબ રાજય સરકાર રજિસ્ટર થયેલી ખાનગી શાળાનો વહીવટ વધુમાં વધુ કેટલો સમય પોતાના હસ્તક લઈ શકે ?

(A) બે વર્ષ (B) ત્રણ વર્ષ

(C) પાંચ વર્ષ (D) સાત વર્ષ

(128) ધોરણ - 12 ના અભ્યાસક્રમ આધારિત ખાનગી પ્રકાશન દ્વારા બહાર પડેલ માર્ગદર્શિકામાં બોર્ડના વર્ગ - 'ખ'ના ખંડ - 3 ના સભ્ય લેખક છે, જેઓ ચાલુ બોર્ડના સભ્ય છે. તો નીચેના પૈકી કયુ વિધાન સાચું છે ?

(A) બોર્ડની શૈક્ષણિક સમિતિની મંજૂરી મેળવવી જોઈએ.

(B) બોર્ડના અધ્યક્ષની પરવાનગીથી લેખક તરીકે કામ કરી શકશે.

(C) બોર્ડ સભ્ય તરીકે ચાલુ રહેવા ગેરલાયક ઠરે.

(D) ઉપરના પૈકી કોઈ વિધાન લાગુ પડતુ નથી.

(129) અત્રે જણાવેલ પૈકી કોણ બોર્ડની સમિતિઓની બેઠકમાં હાજર રહેવાને હકદાર રહેશે, પરંતુ તેને મત આપવાનો હક રહેશે નહીં.

(A) નિયામક, GCERT
(B) ચેરમેન, રાજ્ય પરીક્ષા બોર્ડ
(C) નિયામક, પ્રાથમિક શિક્ષણ
(D) સચિવ, GSHSEB

(130) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની નીચે પૈકી કયા સ્ત્રોતોથી આવક પ્રાપ્ત કરવાની જોગવાઈ અધિનિયમમાં દર્શાવેલ છે ?

(A) કોઈ વસિયતી બક્ષીસ દ્વારા
(B) બોર્ડમાં નિહિત મિલકતનાં ભાડાં દ્વારા
(C) રાજ્ય સરકારની ગ્રાન્ટ દ્વારા
(D) ઉપરોક્ત તમામ

(131) ઠરાવેલી કાર્યરીતિ અનુસર્યા પછી માધ્યમિક શાળાનું રજિસ્ટ્રેશન પૂર્ણતઃ અથવા અંશતઃ પાછું ખેચવાની સત્તા નીચે પૈકી કોને પહોંચે છે ?

(A) અધ્યક્ષ
(B) સચિવ
(C) ઉપરોક્ત બંને
(D) ઉપર પૈકી એકપણને નહીં

(132) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972ની જોગવાઈઓ સીધી રીતે નીચે પૈકી કઈ શાળાઓને લાગૂ પડે નહીં ?

(A) સ્વનિર્ભર ઉચ્ચતર માધ્યમિક શાળાઓ
(B) સરકારી માધ્યમિક શાળાઓ
(C) ઉત્તર બુનિયાદી શાળાઓ
(D) સરકારી પ્રાથમિક શાળાઓ

(133) જેની નોકરીનું રાજ્ય સરકારના હુકમથી રક્ષણ કરવામાં આવ્યું હોય તેવા શિક્ષકને...

(A) કાયમી શિક્ષક કહે છે.
(B) કામચલાઉ શિક્ષક કહે છે.
(C) સંરક્ષિત શિક્ષક કહે છે.
(D) ફાજલ શિક્ષક કહે છે.

(134) શિક્ષણ ધારાની (એક્ટની) વ્યાખ્યા મુજબ હેડમાસ્તર એટલે...

(A) માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફનો વડો
(B) માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફનો વડો, પછી તેના હોદ્દાને ગમે તે નામ આપવામાં આવ્યું હોય.
(C) માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફનો વડો જેને Head Master કે Principal નું નામ આપવામાં આવ્યું હોય.
(D) ત્રણમાંથી એક પણ વિધાન સાચું નથી.

(135) ટ્રિબ્યુનલના ન્યાયાધીશ તરીકે કોની નિમણૂક થાય છે ?

(A) રાજ્યપાલને યોગ્ય લાગે તે વ્યક્તિની
(B) કોઈ બાહોશ વકીલની
(C) હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશની
(D) જિલ્લા કે વડી અદાલતના ચાલુ / નિવૃત્ત અથવા જિલ્લા / વડી અદાલતના ન્યાયાધીશ બનવાની લાયકાત ધરાવનાર વ્યક્તિની

(136) માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષની નિમણૂક કોણ કરે છે ?

(A) રાજ્ય સરકાર (B) રાજ્યપાલ

(C) બોર્ડના સભ્યો (D) ત્રણમાંથી કોઈ નહિ.

(137) શિક્ષણને લગતી જુદી જુદી નીતિ ઘડતરનું કાર્ય કોના દ્વારા થાય છે ?

(A) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

(B) શિક્ષણ વિભાગ

(C) શાળાઓની કચેરી

(D) ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ

(138) ગુજરાત મા. અને ઉ. મા. શિક્ષણ વિનિયમો, 1974 મુજબ કોઈ હંગામી કર્મચારી પૂરેપુરી નોટીસ આપ્યા વગર રાજીનામું આપે તો તેણે કેટલો નોટીસ પગાર ભરવો જોઈએ ?

(A) ત્રણ મહિનાનો નોટીસ પગાર

(B) એક મહિનાનો નોટીસ પગાર

(C) બે મહિનાનો નોટીસ પગાર

(D) જેટલા દિવસ મોડી નોટીસ આપી હોય તેટલા દિવસનો નોટીસ પગાર

(139) એક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં કુલ 16 વર્ગો છે. આ શાળાના આચાર્ય અને સુપરવાઈઝરે અનુક્રમે ઓછામાં ઓછા કેટલા કલાક સુધી શૈક્ષણિક કામ હાથ ધરવું જોઈશે ?

(A) 8 અને 10 કલાક સુધી (B) 8 અને 12 કલાક સુધી

(C) 6 અને 10 કલાક સુધી (D) 6 અને 12 કલાક સુધી

(140) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીના ચૂંટણી અધિકારી કોણ હોય છે ?

(A) બોર્ડના અધ્યક્ષ અથવા તેણે નિર્દિષ્ટ કરેલી વ્યક્તિ (B) બોર્ડના સેક્રેટરી

(C) બોર્ડના ખાસ ફરજ પરના અધિકારી (D) બોર્ડના કમ્પ્ટ્રોલ ઓફ એકાઉન્ટન્ટ એન્ડ સ્ટોર

(141) શાળાઓના રજિસ્ટરમાંથી શાળાનું નામ કાઢી નાખવા માટે કયા ગુ. મા. અને ઉ.મા. વિનિયમનો આધાર લેવામાં આવે છે ?

(A) વિનિયમ 9 (B) વિનિયમ 9 (ક)

(C) વિનિયમ 10 (D) વિનિયમ 10 (ક)

(142) જો કોઈ માધ્યમિક શાળામાં જગ્યાની મુશ્કેલી હોય તો તે શાળાને બે પાળીમાં કામ કરવાની મંજુરી કોણ આપી શકશે ?

(A) ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ (B) શાળાઓની કચેરી

(C) શિક્ષણ વિભાગ (D) જિલ્લા શિક્ષણાધિકારી

(143) એક માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા 460 છે. તો મળવાપાત્ર કારકુનનું પ્રમાણ જણાવો.

(A) જુનીયર કારકુન - બે

(B) જુનીયર કારકુન - એક, સિનિયર કારકુન - એક

(C) જુનીયર કારકુન - બે, સિનિયર કારકુન - એક

(D) જુનીયર કારકુન - એક, સિનિયર કારકુન - એક, મુખ્ય કારકુન - એક

(144) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1794 ના કયાં વિનિયમથી પરીક્ષા વિનિયમો (સુધારેલા) 2005 ને માન્યતા મળે છે ?

(A) 16 (1)
(B) 16 (2)
(C) 15 (1)
(D) 15 (2)

(145) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 મુજબ અનુક્રમે શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તાર માટે શાળાના રમત-ગમતના મેદાનના લઘુત્તમ માપની શું જોગવાઈ છે ?

(A) 600 ચો.મી. અને 1400 ચો.મી.
(B) 600 ચો.મી. અને 1500 ચો.મી.
(C) 800 ચો.મી. અને 1500 ચો.મી.
(D) 800 ચો.મી. અને 1400 ચો.મી.

(146) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના કયા વિનિયમની જોગવાઈના અનુસંધાને આચાર્ય અભિયોગ્યતા કસોટી HMAT લેવામાં આવે છે ?

(A) 20 (ક) (1)
(B) 20 (ક) (2)
(C) 20 (ખ) (1)
(D) 20 (ખ) (2)

(147) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 મુજબ શાળા છોડ્યાના પ્રમાણપત્ર અંગે શું સાચું છે ?

(A) શાળા છોડ્યાના તારીખથી ત્રણ વર્ષની અંદર પ્રમાણપત્ર માટે ફી લઈ શકાય નહીં.
(B) ડુપ્લીકેટ પ્રમાણપત્ર મેળવવા માત્ર વિદ્યાર્થી પોતે જ અરજી કરી શકે.
(C) પ્રમાણપત્ર અરજી મળ્યાથી મોડામાં મોડા 10 દિવસની અંદર પ્રમાણપત્ર આપવું જોઈએ.
(D) પ્રમાણપત્ર નમૂના - 9 મુજબ શાહીથી હાથે લખેલું હોવું જોઈએ.

(148) કોઈ એક શાળામાં માધ્યમિકના 08 વર્ગો અને ઉચ્ચતર માધ્યમિકના 06 વર્ગો છે. તો આ શાળામાં કેટલા સુપરવાઈઝર મળવાપાત્ર છે ?

(A) માત્ર માધ્યમિક વિભાગ માટે એક
(B) બંને વિભાગ માટે કુલ એક
(C) બંને વિભાગ માટે કુલ બે
(D) વર્ગોની નિયત સંખ્યા ન હોવાથી એક પણ નહીં.

(149) જે શાળાઓનું ધોરણ-10 અને ધોરણ-12નું પરિણામ સતત ત્રણવર્ષ 30 % થી ઓછું આવેલું હોય તે શાળાને જે શિક્ષકોનો ઈજાફો રોકવાનો હોય તેવા શિક્ષકો સામે કઈ તારીખ સુધીમાં કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

(A) 31મી ઓગષ્ટ
(B) 31મી જુલાઈ
(C) 31મી મે
(D) 31મી ડિસેમ્બર

(150) નવી સુધારેલી ગ્રાન્ટનીતિ-2017 મુજબ એક માધ્યમિક શાળામાં 6 વર્ગો છે. શાળામાં ધોરણ - 10ની પરીક્ષામાં 50 % કરતા વધુ વિદ્યાર્થીઓ અનુ. જાતિ, અનુ. જનજાતિ અને આર્થિક પછાત વર્ગના બેઠા છે તેનું પરિણામ 36 % આવેલ છે તે શાળાને કેટલી ગ્રાન્ટ મળવા પાત્ર થસે ?

(A) રૂા. 1,80,000
(B) રૂા. 1,35,000
(C) રૂા. 90,000
(D) રૂા. 72,000

(151) ગ્રાન્ટ-ઇન-એઇડ-કોડ - 1964 મુજબ અનુદાનિત શાળાઓને કયા સંજોગોમાં ગ્રાન્ટનો ત્રીજો અને તે પછીનો હપ્તો ચૂકવવામાં આવતો નથી ?

(A) શાળા TDS ની રકમ સમયસર ન ભરે તો

(B) શાળા પાસે ગ્રાન્ટનો બીજો હપ્તો ન વપરાયો હોય તો

(C) શાળા રોજગાર કચેરીમાં ત્રિમાસિક અહેવાલ ન મોકલાવે તો

(D) શાળા આગળના વર્ષના ઓડિટ સ્ટેટમેન્ટની નકલ ન આપે તો

(152) શિક્ષણ વિભાગના તા. 4-3-2014 ના ઠરાવ અંતર્ગત શાળાના આચાર્યને એકથી વધુ પ્રવાહ ધરાવતી ઉચ્ચતર માધ્યમિક શાળા માટેનું માસિક મહેનતાણું કેટલા રૂપિયા મળે છે ?

(A) રૂા. 700
(B) રૂા. 500
(C) રૂા. 350
(D) રૂા. 250

(153) સહાયક ગ્રાન્ટ મેળવવા માટે ઇચ્છતી શાળાએ જે સરકારી વર્ષમાં ગ્રાન્ટ મેળવવી હોય તેના સંદર્ભમાં પરિશિષ્ટ 1(2) મુજબની અરજી ક્યારે કરવાની હોય છે.

(A) પ્રથમ સત્રના અંતે

(B) વર્ષની શરૂઆતના ઓછામાં ઓછા છ માસ પહેલા

(C) વર્ષની શરૂઆતના ઓછામાં ઓછા ત્રણ માસ પહેલા

(D) વર્ષની શરૂઆતના એક માસમાં

(154) ગ્રાન્ટ-ઇન-એઇડ કોડ - 1964ના નિયમ 55.1 ના આધારે 9 વર્ગો વાળી માધ્યમિક શાળામાં કેટલા શિક્ષક મળવા પાત્ર થાય ?

(A) 12
(B) 13
(C) 14
(D) 15

(155) ગ્રાન્ટ ઇન એઇડ કોડ - 1964 મુજબ બીજા રાજ્યોમાંથી આવતા વિદ્યાર્થીઓને નીચેના પૈકી કઈ બાબત પરિપૂર્ણ થતી જણાય તો પ્રવેશ આપી શકાય ?

(A) શાળા છોડ્યાના પ્રમાણપત્ર પર સંચાલક મંડળની સહિ હોય.

(B) શાળા છોડ્યાના પ્રમાણપત્ર પર જે તે રાજ્યના શિક્ષણાધિકારીની સામી સહી હોય.

(C) જે તે રાજ્યના શિક્ષણ સચિવની સહી હોય.

(D) શાળાના આચાર્યને ઉચિત જણાય તો પ્રવેશ આપી શકે.

(156) ગ્રાન્ટ ઇન એઇડ કોડ - 1964 મુજબ રજિસ્ટર થયેલી શાળાએ શિક્ષકોના ખાનગી અહેવાલ કયા ઠરાવેલ નમૂના મુજબ રાખવા જોઈએ ?

(A) પરિશિષ્ટ - 9
(B) પરિશિષ્ટ - 10
(C) પરિશિષ્ટ - 11
(D) પરિશિષ્ટ - 12

(157) રાજ્યની એક બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં વર્ગોની સંખ્યા 19 છે તો તે શાળાને વાર્ષિક નિભાવ ગ્રાન્ટ કેટલી મળશે ?

(A) રૂા. 6,84,000/-
(B) રૂા. 5,70,000/-
(C) રૂા. 5,47,200/-
(D) રૂા. 4,56,000/-

(158) નિભાવ ગ્રાન્ટ ન મેળવનાર શાળા ધોરણ - 11 અને ધોરણ - 12ના વિદ્યાર્થીઓ પાસેથી કેટલા રૂપિયા સત્ર દીઠ પ્રયોગશાળા ફી લેવાની જોગવાઈ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : બમશ/1117/1074/01, તા. 14-07-2017 થી કરવામાં આવી ?

(A) ધોરણ - 11 રૂા. 80, ધોરણ - 12 રૂા. 95

(B) ધોરણ - 11 રૂા. 65, ધોરણ - 12 રૂા, 80

(C) ધોરણ - 11 રૂા. 40, ધોરણ - 12 રૂા. 50

(D) ધોરણ - 11 રૂા. 50, ધોરણ - 12 રૂા. 60

(159) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : બમશ/1114/5/ગ, તા. 04-03-2014 થી ઉચ્ચતર માધ્યમિક શાળાનો જ્યાં એક પ્રવાહ હોય ત્યાં આચાર્યને માસિક મહેનતાણું કેટલું મળવાપાત્ર છે ?

(A) રૂા. 250/-
(B) રૂા. 400/-
(C) રૂા. 500/-
(D) રૂા. 700/-

(160) ગ્રાન્ટ-ઈન-એઈડ - કોડ - 1964ના નિયમ - 44માં કઈ બાબતની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) દાક્તરી તપાસ
(B) ઉંચાઈ અને વજનના માપ
(C) પ્રવેશ માટે સમય મર્યાદ
(D) વિદ્યાર્થીઓનું આરોગ્ય અને શારીરિક તંદુરસ્તી

(161) ધોરણ - 10 પાસ કરી ડિપ્લોમાં અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીની કૌટુંબિક વાર્ષિક આવક કેટલી હોય તો તેને "માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના"નો લાભ મળી શકે છે ?

(A) 6 લાખ સુધી
(B) 1.5 લાખ સુધી
(C) 8 લાખ સુધી
(D) 4.5 લાખ સુધી

(162) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2021-22 માં લેવાયેલ ધોરણ - 10 ની જાહેર પરીક્ષામાં વર્ણનાત્મક પ્રશ્નોનું પ્રમાણ કેટલું હતું ?

(A) 80%
(B) 70%
(C) 75%
(D) 60%

(163) ગુજરાત માધ્યમિક અને ઉ. મા. શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધોરણ - 11 માં પ્રવેશ સંદર્ભે ભારતના અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીએ ધોરણ - 10 કયા ચાર વિષયો સાથે પાસ કરેલું હોવું જોઈએ ?

(A) ગણિત, વિજ્ઞાન, ગુજરાતી, અંગ્રેજી
(B) ગણિત, સામાજિક વિજ્ઞાન, હિન્દી, અંગ્રેજી
(C) ગણિત, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી, ગુજરાતી
(D) ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી

(164) તાસદીઠ માનદ્ વેતનથી શિક્ષણકાર્ય કરાવવા અંગની પ્રવાસી શિક્ષક યોજનામાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં તાસદીઠ માનદ્ વેતન કેટલું નિયત કરવામાં આવેલ છે ?

(A) રૂા. 150
(B) રૂા. 175
(C) રૂા. 200
(D) રૂા. 225

(165) 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત 'ગુજરાત જ્ઞાનગુરૂ ક્વિઝ (G3Q)' માં રાજ્ય કક્ષાએ ગ્રાન્ડ ફિનાલે મેગા ક્વિઝના શાળાકક્ષાની કેટેગરીના પ્રથમ ક્રમના વિજેતાને કેટલી રકમનું ઈનામ આપવામાં આવનાર છે ?

(A) રૂા. એક લાખ
(B) રૂા. બે લાખ
(C) રૂા. ત્રણ લાખ
(D) રૂા. પાંચ લાખ

(166) ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિના અધ્યક્ષ તરીકે કોણ છે ?

(A) કમિશનર, શાળાઓની કચેરી
(B) અધ્યક્ષ, ગુ.મા.ઉ.મા. શિક્ષણ બોર્ડ
(C) અધ્યક્ષ, રાજ્ય પરીક્ષા બોર્ડ
(D) સંયુક્ત શિક્ષણ નિયામક

(167) ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ગ્રાન્ટની નીતિમાં ફેરફાર કરવાની દરખાસ્ત કઈ કચેરી કરી શકે ?

(A) નિયામક, પ્રા.શિ.ની કચેરી
(B) નિયામક, શાળાઓની કચેરી
(C) નિયામક, શાળાઓની કચેરી
(D) ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડની કચેરી

(168) ધોરણ - 9 ના ગણિત વિષયના પાઠ્યપુસ્તકનો અભ્યાસક્રમ નક્કી કરવાનું કામ કોણ કરશે ?

(A) જી.સી.ઈ.આર.ટી.
(B) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
(C) એન.સી.ઈ.આર.ટી.
(D) ગુજરાત માધ્યમિ અને ઉ.મા. શિક્ષણ બોર્ડ

(169) દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાની ગ્રાન્ડ ઈન એઈડ માધ્યમિક શાળાના એક શિક્ષકનું ચાલુ નોકરીએ અવસાન થયું છે તેઓની ઉચ્ચક નાણાંકીય સહાયની દરખાસ્ત મંજૂર/નામંજૂર કરવાની સત્તા કોને છે ?

(A) શિક્ષણ વિભાગ
(B) નિયામકશ્રી શાળાઓ
(C) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ
(D) આરોગ્ય સચિવશ્રી

(170) જિલ્લા શિક્ષણાધિકારીના નિયંત્રણ અધિકારી તરીકે કોણ હોય છે ?

(A) નિયામકશ્રી, શાળાઓ
(B) સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ
(C) અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ
(D) ચેરમેનશ્રી, ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ

(171) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં આવતી સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓ મંજૂર કરવાની સત્તા કોને છે ?

(A) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
(B) શાસનાધિકારી
(C) જિલ્લા શિક્ષણાધિકારી
(D) નાયબનિયામક, પ્રાથમિક શિક્ષણ

(172) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો માટે તાલીમનું આયોજન કરનાર સંસ્થા STTI નું સંચાલન કોણ કરે છે ?

(A) જી.સી.ઈ.આર.ટી.
(B) ગુજરાત માધ્યમિ અને ઉ.મા. શિક્ષણ બોર્ડ
(C) નિયામક શાળાઓની કચેરી
(D) સમગ્ર શિક્ષાની કચેરી

(173) એક ગામની વસ્તી 9000 ની છે. આ ગામની બિન અનુદાનિત ખાનગી શાળાનું મકાન 2.5 કિ.મી. દૂર આવેલા મકાનમાં સ્થળ ફેરફાર કરવા માટે બોર્ડને અરજી કરેલ છે. આ ફેરફારના કિસ્સામાં મંજુરી કોણ આપશે ?

(A) સેક્રેટરી
(B) અધ્યક્ષ
(C) બોર્ડની સામાન્ય સભા
(D) કારોબારી સમિતિ

(174) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિમય - 1974 મુજબ ગૃહકાર્યમાં સમય અંગે શું સાચું છે ?

(A) ઓછામાં ઓછું બે કલાકનું હોવું જોઈશે.
(B) એકથી બે કલાકનું હોવું જોઈશે.
(C) બે કલાકથી વધુ હોવું જોઈશે નહીં.
(D) બે કલાકથી ઓછું હોવું જોઈશે નહીં.

(175) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 માં વિદ્યાર્થીઓના પ્રવેશ માટેની શરતો કયાં વિનિયમમાં સમાવિષ્ટ છે ?

(A) વિનિયમ - 11
(B) વિનિયમ - 10
(C) વિનિયમ - 13
(D) વિનિયમ - 12

(176) વિનિયમ - 27 (અ) મુજબ નીમવામાં આવેલી તપાસ સમિતિએ કેટલા દિવસમાં તપાસ પૂર્ણ કરવાની હોય છે ?

(A) પ્રથમ બેઠક મળ્યાના 90 દિવસમાં
(B) પ્રથમ બેઠક મળ્યાના 120 દિવસમાં
(C) પ્રથમ બેઠક મળ્યાના 150 દિવસમાં
(D) પ્રથમ બેઠક મળ્યાના 180 દિવસમાં

(177) રજિસ્ટર થયેલી ખાનગી શાળાના આચાર્ય, શિક્ષકો અને બિન અધ્યાપકીય સ્ટાફના વર્તન અને શિસ્ત અંગે નીચેના પૈકી કયા વિધાન લાગું પડે છે ?

(1) રાજકીય બેઠકોમાં હાજર રહી શકશે.
(2) રજાઓ દરમિયાન શાળાકીય કામ કરવાની ફરજ પાડી શકાશે.
(3) બોર્ડની જાહેર પરીક્ષાની કામગીરી સ્વિકારવાની ના પાડી શકશે નહીં.
(4) નોકરીના શરતોના સંબંધમાં હળતાળનો આશરો લઈ શકશે નહીં.

(A) (1), (2) અને (3)
(B) (2), (3) અને (4)
(C) (1), (2) અને (4)
(D) (1), (2), (3) અને (4)

(178) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 ના વિનિયમ - 30 મુજબ અર્ધપગારી રજા માટે કયું વિધાન સાચું નથી ?

(A) પૂરા વર્ષની નોકરી માટે 20 દિવસ સુધીની અર્ધપગારી રજા મંજુર કરી શકાય.
(B) એકી સાથે વધુમાં વધુ 120 દિવસની અર્ધપગારી રજા મંજુર કરી શકાશે.
(C) અર્ધપગારી રજાઓ દર વર્ષે પહેલી જૂન અને પહેલી ડિસેમ્બરના રોજ જમા કરવાની રહેશે.
(D) નવી નિમણૂકના કિસ્સામાં પ્રથમ છ માસ માટે દર માસ દીઠ 5/3 રજા જમા કરવાની રહેશે.

(179) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - 1974 ના વિનિયમ - 27 (અ) મુજબ રજિસ્ટર શાળાના શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓને શિસ્ત વિષયક પગલાં તરીકે નિહિત શિક્ષાઓ કરવાની સત્તા કોની રહેશે ?

(A) આચાર્ય
(B) સંચાલક મંડળ
(C) જિલ્લા શિક્ષણાધિકારી
(D) બોર્ડના સેક્રેટરી

(180) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 મુજબ રેકર્ડ અને રજિસ્ટર જાળવણીની સમય મર્યાદા અંગે કયું જોડકું સાચું છે ?

(A) આવક-જાવક રજીસ્ટર - 5 વર્ષ
(B) વિદ્યાર્થીઓની સ્કોલરશીપ - 10 વર્ષ
(C) કર્મચારીઓની સર્વિસબુક - કાયમી રેકર્ડ
(D) શિક્ષકોની લોગબુક - 3 વર્ષ

(181) ફક્ત કુમારો માટે રજિસ્ટર થયેલી શાળામાં કન્યાઓને પ્રવેશ આપવામાં આવે ત્યારે કેટલી કન્યાઓ દીઠ સ્ત્રી શિક્ષિકા રાખવી જોઈએ ?

(A) 30
(B) 40
(C) 50
(D) 60

(182) કોઈ વ્યક્તિએ શાળા છોડી દીધા બાદ શાળા રેકોર્ડમાં નોંધાયેલ જન્મ તારીખમાં ફેરફાર કરવો હોય તો કઈ કાર્યવાહી કરવી જોઈએ ?

(A) પ્રથમવર્ગના મેજિસ્ટ્રેટ સમક્ષ જરૂરી પુરાવો રજૂ કરી આદેશ મેળવવો જોઈએ.

(B) સાચી જન્મતારીખના આધારો સાથેનું સોગંદનામુ આચાર્યને રજૂ કરવું જોઈએ.

(C) આધાર પુરાવા સાથે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા આદેશ મેળવવા જોઈએ.

(D) શાળા છોડી દિધા પછી આવો ફેરફાર શાળાના ટ્રસ્ટી કરી શકે.

(183) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974ની જોગવાઈ અનુસાર નોંધાયેલી શાળાના દરેક વિદ્યાર્થીની તબીબી તપાસ અંગે કઈ જોગવાઈ કરવામાં આવી છે ?

(A) દરેક વિદ્યાર્થીની બે શૈક્ષણિક વર્ષમાં એક વખત તબીબી તપાસ કરવી જોઈએ.

(B) દરેક વિદ્યાર્થીની એક શૈક્ષણિક વર્ષમાં બે વખત તબીબી તપાસ કરવી જોઈએ.

(C) દરેક વિદ્યાર્થીની એક શૈક્ષણિક વર્ષમાં એક વખત તબીબી તપાસ કરવી જોઈએ.

(D) સમગ્ર શાળા જીવન દરમિયાન દરેક વિદ્યાર્થીની એક જ વખત તબીબી તપાસ કરવી જોઈએ.

(184) એક કર્મચારીના હિસાબમાં 120 અર્ધપગારી રજા જમા છે. તે મળવાપાત્ર રૂપાંતરીત રજા હક રજા સાથે જોડીને 240 દિવસ રજા ભોગવવા અરજી કરે છે. તો નીચેના પૈકી કઈ રીતે રજા મંજૂર કરી શકાય ?

(A) 60 દિવસ રૂપાંતરીત રજા અને 180 દિવસ હક્ક રજા

(B) 120 દિવસ રૂપાંતરીત રજા અને 120 દિવસ હક્ક રજા

(C) 230 દિવસ હક્ક રજા અને 10 દિવસ રૂપાંતરીત રજા

(D) 60 દિવસ હક્ક રજા અને 180 દિવસ રૂપાંતરીત રજા

(185) ગ્રાન્ટ-ઇન-એઇડ-કોડ - 1964 મુજબ ટેકનીકલ અને વ્યવસાયીક અભ્યાસક્રમોમાં પૂર્ણકાલિન અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓને કેટલા સમયથી વધારે ઘરકામ હોવું ન જોઈએ ?

(A) 30 મિનિટ
(B) 60 મિનિટ
(C) 120 મિનિટ
(D) 150 મિનિટ

(186) નવી સુધારેલ ગ્રાન્ટ નીતિ 2013 મુજબ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આદિજાતિ વિકાસ કાર્યક્રમ (TASP) હેઠળ સમાવિષ્ટ તાલુકાની એક શાળાનું ધોરણ - 12 વિજ્ઞાન પ્રવાહનું પરિણામ 48.7 % આવેલ છે, તો તે શાળાને કેટલા ટકા ગ્રાન્ટ મળવાપાત્ર થશે ?

(A) 100 %
(B) 75 %
(C) 50 %
(D) 25 %

(187) ગ્રાન્ટ-ઇન-એઇડ-કોડ - 1964 ના નિયમ 39.1 માં મંદ વિદ્યાર્થીઓ માટે ખાસ વર્ગની જોગવાઈ કરવામાં આવી છે. આવા ખાસ વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી નક્કી કરવામાં આવેલ છે ?

(A) 10
(B) 15
(C) 20
(D) 12

(188) 'ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ - 1972' ના કયા અધિનિયમથી બોર્ડની સત્તા અને ફરજો નિયત થયેલ છે ?

(A) અધિનિયમ - 16
(B) અધિનિયમ - 17
(C) અધિનિયમ - 19
(D) અધિનિયમ - 21

(189) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમની કલમ-51 થી રાજ્ય સરકારને કઈ સત્તા મળેલ છે ?

(A) અધિકારીઓની નિમણૂંકની સત્તા
(B) બોર્ડને આદેશ આપવાની સત્તા
(C) વિનિયમો કરવાની સત્તા
(D) બોર્ડનું વિસર્જન કરવાની સત્તા

(190) 'ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972'ની કઈ કલમથી બોર્ડને વિનિયમો કરવાની સત્તા આપવામાં આવે છે ?

(A) કલમ - 50
(B) કલમ - 51
(C) કલમ - 52
(D) કલમ - 53

(191) 'ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972' ની કઈ કલમ હેઠળ શિક્ષકો અને આચાર્યોની પસંદગીની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) કલમ - 34
(B) કલમ - 35
(C) કલમ - 36
(D) કલમ - 37

(192) 'ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ - 1972' ની કલમ-43 માં શેની જોગવાઈ થયેલ છે ?

(A) નિમણૂંક સામે પ્રતિબંધ
(B) શાળાબંધ કરવા સામે પ્રતિબંધ
(C) અમુક દસ્તાવેજોની વિગતો પ્રગટ કરવા માટેની શિક્ષા
(D) A, B, C પૈકી એક પણ નહીં

(193) નવી શાળાના રજિસ્ટ્રેશન માટે આવેલ અરજીના સંબંધમાં બોર્ડે વધુમાં વધુ કેટલા મહિનામાં નિર્ણય કરવાનો રહે છે ?

(A) એક માસ
(B) બે માસ
(C) ત્રણ માસ
(D) છ માસ

(194) બોર્ડને શાળાનું રજિસ્ટ્રેશન રદ કરવાની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમની સત્તા કઈ કલમથી મળેલ છે ?

(A) કલમ - 31 (9)
(B) કલમ - 31 (1)
(C) કલમ - 31 (10)
(D) કલમ - 31 (12)

(195) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ - 1972 ની કઈ કલમ હેઠળ શાળા સંચાલક મંડળ બિનસરકારી અનુદાનિત શાળાના આચાર્યને બરતરફ કરી શકે ?

(A) કલમ - 36 (3)
(B) કલમ - 36 (4)
(C) કલમ - 36 (1)
(D) કલમ - 36 (2)

(196) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ – 1972 ની કલમ-30 ની જોગવાઈ મુજબ બોર્ડે ઓડિટ માટે જાવક અને ખર્ચના વાર્ષિક હિસાબો કોને મોકલવા જોઈશે.

(A) CAG

(B) નિયામકશ્રી શાળાઓની કચેરી

(C) રાજ્ય સરકાર

(D) શિક્ષણ વિભાગ

(197) માધ્યમિક શિક્ષણ બોર્ડનું મુખ્ય કાર્ય શું હોય છે ?

(A) માધ્યમિક શિક્ષણ સંસ્થાઓના સંચાલન, વહીવટ, વ્યવસ્થાપન અંગે રાજ્ય સરકારને સલાહ-સૂચનો આપવાનું

(B) માધ્યમિક શિક્ષણ સંસ્થાઓની ધોરણ 10 ની જાહેર પરીક્ષાનું આયોજન કરવાનું

(C) માધ્યમિક શિક્ષણ અંગે નિયમો ઘડવાનું

(D) માધ્યમિક શિક્ષણ સંસ્થાઓને અનુદાન આપવાનું

(198) શાળા બંધ કરવા અંગે માધ્યમિક શિક્ષણ ધારામાં શી જોગવાઈ છે ?

(A) શાળાએ ઓછામાં ઓછા છ માસ અગાઉ બોર્ડને લેખિત જાણ કરવી જોઈએ.

(B) શાળાએ ઓછામાં ઓછા એક વર્ષ અગાઉ બોર્ડને લેખિત જાણ કરવી જોઈએ.

(C) શાળાએ ઓછામાં ઓછા છ માસ અગાઉ શિક્ષણ નિયામકને લેખિત જાણ કરવી જોઈએ.

(D) શાળાએ ઓછામાં ઓછા એક વર્ષ અગાઉ શિક્ષણ નિયામકને લેખિત જાણ કરવી જોઈએ.

(199) બોર્ડની અને તેનીવિવિધ સમિતિઓની બેઠકોની કાર્યવાહીની નોંધ (રિપોર્ટ) રાખવાની જવાબદારી કોની છે ?

(A) બોર્ડના સેક્રેટરીની

(B) બોર્ડના નોંધણી કારકુનની

(C) બોર્ડના અધ્યક્ષની

(D) બોર્ડના ઉપાધ્યક્ષની

(200) નીચેનામાંથી કયું બોર્ડની આવકનું સાધન નથી ?

(A) રાજ્ય સરકારની ગ્રાન્ટ

(B) બક્ષિસ, દાન કે અન્ય ફાળો

(C) બોર્ડની મિલકતમાંથી મળતાં ભાડાં અને નફો

(D) બોર્ડના સભ્યપદ માટેની ફી

SPACE FOR ROUGH WORK

પરીક્ષાં પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુક્યા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

# પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન કે પ્રોવિઝનલ આન્સર કીના જવાબ અંગે રજૂઆત કરવા માટેનું પત્રક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (1)પરીક્ષાનું નામ | **HMAT** | (2)પરીક્ષાર્થીનો સીટ નંબર | | | | | | | |
| (3)ઉમેદવારનું નામ | | | | | | | | | |

| | | |
|---|---|---|
| (4)ઉમેદવારનું ઇ–મેઇલ એડ્રેસ | | (5)ઉમેદવારનો મોબાઇલ નંબર |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |

**રજૂઆતની વિગતો**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (6) પ્રોવિઝનલ આન્સરકી માં દર્શાવેલ (પ્રશ્નપત્ર સીરીઝ - A) મુજબનો પ્રશ્ન નંબર | (7) પ્રશ્નપુસ્તિકા નંબર | | | | | | | |
| | (8) પ્રશ્નની વિગત | | | | | | | |
| | | | | | | | | |

| | | |
|---|---|---|
| (૯) ઉપરોક્ત પ્રશ્નના ઉત્તરનાં વિકલ્પો | (A) | |
| | (B) | |
| | (C) | |
| | (D) | |

| | |
|---|---|
| (10) પ્રોવિઝનલ આન્સર કીમાં દર્શાવેલ A,B,C,D પૈકી ઉત્તરનો સાચો વિકલ્પ **(A સીરીઝના પ્રશ્નપત્ર મુજબ)** | વિકલ્પ:...................... |
| (11)ઉમેદવારની પ્રશ્ન/જવાબ અંગેની ટૂંકમાં રજૂઆત | |

**(12) રજૂઆતના સમર્થનમાં રજૂ કરેલ સરકાર દ્વારા પ્રકાશિત આધારોની વિગત**

| | | | | | |
|---|---|---|---|---|---|
| પુસ્તકનું નામ | | | | | |
| પ્રકાશકનું નામ | | | | | |
| આવૃત્તિનું વર્ષ | | પેઇજ નંબર | | ફકરા/લીટી નંબર | |

- **નોંધઃ** ઉપરોક્ત ક્રમ નંબર–12 માં દર્શાવેલ વિગતોનાં આધારો સ્કેન કરીને અપલોડકરવા આવશ્યક છે. (માત્ર રજૂઆતને લગત ૧ કે ૨ પેજના આધારો અપલોડ કરવા)**આ આધારો વગરની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. જેની સ્પષ્ટ નોંધ લેવી.**